# Day to Day Current Affairs

**11 Nov 2015**

## ૧. ભારત સરકારે 15 મોટા સેક્ટરોમાં FDI ના નિયમો હળવા કર્યાં :

- તાજેતરમાં કેન્દ્ર સરકારે સંરક્ષણ, રીટેલ, ઉડ્ડીયન,બેન્કિંગ અને મિડિયા સહિતાના કુલ 15 ક્ષેત્રોમાં સિધા વિદેશી રોકાણ એટલે કે ફોરેન ડાયરેકટ ઇન્વેસ્ટમેન્ટ (FDI) ને લગતા નિયમો કર્યાં.

- ડીટીએસ, કેબલ નેટવર્ક અને રબર, કોફી, ઇલાયચી જેવા બાગાયતી પાકના ક્ષેત્રોમાં 100 ટકા વિદેશી રોકાણ મંજુરી આપી દેવાય છે.

- સાંપ્રત પ્રવાહોનું અપલિંકિંગ કરતી સમાચાર ચેનલોમાં FDI મર્યાદા 26 ટકાથી વધારી 49 ટકા કરી દેવાય છે.

- સંરક્ષણ ક્ષેત્રમાં પણ 49 ટકા વિદેશી રોકાણ કારને મંજુરી આપી દેવાય છે.

- ટાઉનશીપ મોલ્સ – શોપિંગ સેન્ટર અને બેઝનેશ કોપ્લેક્ષને લગતા પ્રોજેકટસમા ઓટોમેટિક રૂટ હેઠળ 100 ટકા FDI ને મંજુરી અપાય.

- પોર્ટફોલીયો ઇન્વેસ્ટમેન્ટ અને ફોરેન વેન્ચર કેપીટલ ઇન્વેસ્ટરને પણ ઓટોમેટિક રૂટ હેઠળ 49 ટકા FDI ની મંજુરી અપાય.

- FDI ના પ્રસ્તાવોને સ્વીકારમાં સરળતા રહે એ માટે ફોરેન ઇન્વેસ્ટેમેન્ટ પ્રમોશન બોર્ડની નાણાકીય મર્યાદા 3000 કરોડથી વધારીને 5000 કરોડ કરાય છે.

## ૨. ફોર્બ્સ દ્વારા વિશ્વની સૌથી શક્તિશાળી હસ્તીઓની યાદી તૈયાર કરાય :

- પ્રખ્યાત મેગેઝિન ફોર્બસ દ્વારા વિશ્વની સૌથી શક્તિશાળી હસ્તીઓની યાદી તૈયાર કરાય જેમાં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીને 9મું સ્થાન અપાયું.

- વર્ષ 2014માં મોદીને આ યાદીમાં 14મુ સ્થાન મળ્યુ હતું.

- આ યાદીમાં પ્રથમ સ્થાન રશિયન પ્રમુખ વ્લાદિમિર પુતિન અને બીજુ સ્થાન જર્મન ચાન્ચેલર એન્જેલા મર્કેલને અપાયું છે.

- તેમજ અમેરિકન પ્રમુખ બરાક ઓબામા, પોપ ફ્રાન્સીસ અને ચીનના પ્રમુખ શી જીન પિંગને અનુક્રમે ત્રીજુ,ચોથુ અને પાંચમુ સ્થાન મળ્યું છે.

## ૩. હવે ટ્રેન ઉપડવાના 30 મિનિટ પહેલા પણ ટિકિટ બુક થઇ શકશે :

- તાજેતરમાં રેલ્વે દ્વારા નવી જાહેરાત કરાય જેમાં ટ્રેન ઉપડવાની 30 મિનિટ પહેલા પણ ટિકિટ બુક કરાવી શકાશે.

- આ નવી સિસ્ટમ 12મી નવેમ્બરથી અમલમાં આવશે.

- રેલ્વે દ્વારા આ યોજનામાં ઓનલાઇન અને બારી પર પણ આ બુકિંગ સુવિધા આપવામાં આવશે.

- પહેલુ રિઝવેશન ચાર્ટ ટ્રેન છુટવાના પહેલા તૈયાર કરવમાં આવશે, જ્યારે બીજુ અને અંતિમ ચાર્ટ ટ્રેન છુટવાના 30 મિનિટ પહેલા તૈયાર કરવામાં આવશે.

## ૪. રમેશ પવાર – ક્રિકેટર :

- ઓફ સ્પિનર રમેશ પવારે જાહેરાત કરી છે કે રણજી આ સિઝન બાદ ક્રિકેટના તમામ ફોર્મેટ માંથી નિવૃતિ લેશે.

- રમેશ પવારે અત્યારે ગુજરાતની રણજી ટીમમાં સામેલ છે.

- વર્ષ 2004 થી 2007 દરમિયાન ભારતીય ટીમમાં પણ સ્થાન મળ્યું હતું. જેમા તેને 2 ટેસ્ટ અને 31 વન ડે મેચમાં અનુક્રમે 6 અને 34 વિકેટ ઝડપી હતી.

## ૫. શિવા થાપા – બોક્સર :

- ભારતીય બોક્સર શિવા થાપા વર્લ્ડ રેન્કિંગમાં બીજા નંબરે પહોચિ ગયો છે.
- થાપાએ ગયા મહિને દોહામાં યોજાયેલ વર્લ્ડ ચેમ્પિયનશીપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.
- થાપા એવો ત્રીજો ખેલાડી છે જેણે વર્લ્ડમાં ચેમ્પિયનશીપમાં મેડલ જીત્યો છે. આ પહેલા વિજેન્દ્રસિંહે બ્રોન્ઝ અને વિકાસ કૃષ્ણને 2011માં બ્રોન્ઝ મેડલ જીત્યા હતાં.

Vivekanand Academy Gandhinagar